હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

સળંગ અંક : ૭૩૫, વર્ષ : ૩૨
અંક : ૦૯ મે-૦૧, ૨૦૧૯

# ઉદીચ્ય

HNGU HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Re-Accredited "A" 3.02 CGPA by NAAC

સૌજન્ય: શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ: શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

**કોઈપણ સંસ્થાના ઈતિહાસને શબ્દદેહે અવતારવો એ ભાવિ પેઢી માટે ચિંતન અને અભ્યાસનું પ્રાથમિક ભાથું પૂરું પાડે છે. યુનિવર્સિટીની સ્થાપનાના ઈતિહાસનાં સંસ્મરણોમાંથી સંસ્થાના શરૂઆતના સમયના પડકારો તથા તેમાંથી વિકાસની કેડી કંડારી શિક્ષણધામને સંસ્થાગત કરવા માટે કેવી વિશાળ દૃષ્ટિ રાખી વિવિધ કોલેજો, અધ્યાપકો, વિદ્યાર્થીઓ, દાતાઓ તથા તમામ હિતધારી પક્ષકારોને જોડાવા તેનું ચિંતન, સૌ અભ્યાસીઓ માટે પ્રેરણાદાયક બની રહે છે.**

**- પ્રોફેસર બી.એ. પ્રજાપતિ**
**(યુનિવર્સિટી સ્થાપનાનો વૃત્તાંત, ૨૦૧૭,પૃ.૩)**

**બાવન શક્તિપીઠોમાંની એક શક્તિપીઠ ઉત્તર ગુજરાતના આર્નતના અંબાજી ધામમાં છે અને આ શક્તિપીઠમાં માતાજીનું હૃદય બીરાજમાન છે. આવા હૃદયસમાન વિસ્તારમાં ભારતીય ભાષાઓના વ્યાકરણના પ્રારંભિક અને આદ્યમીમાંસક હેમચંદ્રાચાર્યના નામ સાથે જે યુનિવર્સિટી જોડાયેલ છે, તેનું તપ, તેનું તેજ અને તેના તરવરાટ સાંપ્રત સમયે યુવા પેઢીને સાચા અર્થમાં શિક્ષિત અને દિક્ષિત કરે છે.**

**- ડૉ. બળવંત જાની**
(Silver Glimpses (HNGU))

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

મે માસ એટલે ઉનાળાની કાળઝાળ ગરમીનો, આકાશમાંથી સૂરજદેવની અગ્નિવર્ષા કરતો માસ. પશુ, પંખી, વૃક્ષો, માનવી સૌ કોઈ ગરમીના પ્રકોપથી ત્રસ્ત. પરંતુ ઉત્તર ગુજરાતની ધન્ય ધરા માટે, શિક્ષણપ્રેમીઓ માટે, પાટણના નગરજનો માટે તો મે માસ એટલે માતા સરસ્વતીના અવતરણનો પવિત્ર મહિનો. આ પ્રાગટ્ય દિન એટલે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનો સ્થાપના દિન ૧૭ મે, ૧૯૮૬. આ દિવસ કેટલીય આશાઓ, ઉમંગો અને અરમાનો લઈને ઉગ્યો. આ દિવસ એ માત્ર યુનિવર્સિટીનો સ્થાપના દિવસ નથી પરંતુ પાટણને વિદ્યાનગરી તરીકે પ્રતિષ્ઠિત થવાનો, ઉત્તર ગુજરાતના વિદ્યાર્થીઓના નિર્માણ ઘડતરનો, સારસ્વતોથી સુશોભીત ધરાના ગૌરવના ઓવારણા લેવાનો, જ્ઞાનતેજથી સમગ્ર વિશ્વમાં અજવાળા પાથરવાનો આ સુઅવસર છે. આ પાવનપર્વના સંસ્મરણો દ્વારા આપણી ભવ્ય વિરાસત વૈભવની યશોગાથાનું ગાન આજે કરીએ.

ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં ઉચ્ચ શિક્ષણના વિકાસ અર્થે રાજસ્થાન યુનિવર્સિટી, જોધપુરના કુલપતિશ્રી અને સુપ્રસિદ્ધ શિક્ષણશાસ્ત્રી વી.વી. જહોનની અધ્યક્ષતામાં તા. ૩-૪-૧૯૭૩ના રોજ એક સમિતિની રચના કરવામાં આવી. સદર સમિતિમાં યુજીસીના સેક્રેટરી વી.એચ. ભાનોટ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના કુલપતિશ્રી જે.બી. સાંડિલ્ય, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરાના કુલપતિશ્રી એન.કે. વકીલ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના કુલપતિશ્રી ઇ.જે. પટેલ એમ કુલ પાંચ સભ્યો હતા. સમિતિએ રાજ્યની ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા અંગે ગહન અભ્યાસ કર્યો જેમાં તેમણે અનુભવ્યું કે ઉત્તર ગુજરાતના વિદ્યાર્થીઓ માટે આ પ્રદેશમાં એક યુનિવર્સિટીની જરૂરિયાત છે. આથી સમિતિ એ તેનો અહેવાલ તા. ૧૪ જૂન, ૧૯૭૫ના રોજ સરકારને સુપ્રત કર્યો તેમાં વિવિધ ભલામણોની સાથે આપણા માટે આનંદદાયક ભલામણ એ હતી કે મહેસાણા, બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાના વિસ્તારને આવરી લેતી યુનિવર્સિટી ‘‘ઉત્તર ગુજરાત યુનિવર્સિટી’’ની સ્થાપના કરવી. (ત્યારે પાટણ, અરવલ્લી જિલ્લો અસ્તિત્વ ધરાવતા ન હતા.) સરકારે આ ભલામણોનો સૈંદ્ધાતિક સ્વીકાર કર્યો.

હવે પ્રશ્ન ઉભો થયો તેના વડામથકનો. વડામથક માટે ઉત્તર ગુજરાતના વિવિધ સ્થળોની માંગણી બળવત્તર બની. કોઈ એક સ્થળની પસંદગી થઈ શકી નહીં. માત્ર વડામથક નક્કી કરવા માટે જ સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના કુલપતિશ્રી કે.એન. શાહના અધ્યક્ષપદે તા. ૩૧ જાન્યુઆરી, ૧૯૮૪ના રોજ એક સમિતિની રચના કરવામાં આવી. ભાવનગર યુનિવર્સિટી, ભાવનગરના નિવૃત્ત કુલપતિશ્રી આર.એસ. ત્રિવેદી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના કુલપતિશ્રી રસિકલાલ શુક્લ એમ બે સભ્યોની નિમણૂક કરવામાં આવી. સમિતિએ વિવિધ દૃષ્ટિકોણ સાથે ઉત્તર ગુજરાતના વિવિધ સ્થળોનો અભ્યાસ કર્યો. અંતે આચાર્ય મુનિભગવંત કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની સાહિત્ય સાધનાના સમૃધ્ધ વારસાને કેન્દ્રમાં રાખી વડામથક તરીકે પાટણ ઉપર પસંદગી ઉતારી અને સમિતિએ ૭ જુન ૧૯૮૪ના રોજ સરકારને અહેવાલ સુપ્રત કર્યો. સરકારે સમિતિના નિર્ણયને વધાવ્યો. આમ પ્રથમ પડાવ પાર કર્યો.

હવે બીજો પ્રશ્ન તેને કાર્યાન્વિત કરવાનો હતો. આ તો સરકાર પક્ષે માત્ર સૈદ્ધાતિક સ્વીકૃતિ હતી. સરકાર આ બાબતમાં રસ દાખવતી હતી. તેણે શિક્ષણ વિભાગમાં જ સચિવશ્રીની સમકક્ષની ખાસ ફરજ ઉપરના અધિકારીની જગ્યા ઉભી કરી. કુલીનચંદ્ર યાજ્ઞિક તાજેતરમાં જ શિક્ષણ સચિવ તરીકે નિવૃત્ત થયા હતા. તેમનો વહિવટીય લાભ લેવાનું સરકારે નક્કી કર્યું અને તેઓશ્રી એ ૭ નવેમ્બર, ૧૯૮૫ના રોજ કાર્યભાર સંભાળ્યો. યુનિવર્સિટી એક્ટના નિર્માણનું કાર્ય તીવ્રગતિએ આગળ વધ્યું. તેના મુસદ્દાને આખરી સ્વરૂપ આપવાની પ્રક્રિયા ખૂબ જ ઝડપી બનાવી, આમછતાંય ૧૯૮૬ના બજેટસત્રમાં તે રજુ થઇ શક્યુ નહીં. આમછતાં ‘‘યુનિવર્સિટીની સ્થાપનાની’’ પ્રાધાન્યતાને ધ્યાનમાં રાખી ૧૭ મે, ૧૯૮૬ના રોજ એક્ટને વટહુકમના સ્વરૂપમાં બહાર પાડવામાં આવ્યું અને યુનિવર્સિટીની વિધિવત સ્થાપના કરવામાં આવી. તેનું નામ ‘‘ઉત્તર ગુજરાત યુનિવર્સિટી’’ રાખવામાં આવ્યું.

નિયમાનુસાર પ્રથમ કુલપતિશ્રીની નિમણૂક સરકાર દ્વારા કરવામાં આવે છે. જે અન્વયે શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક GH/SH/26/OGC/1186-31301/KH તા. ૨ જૂન, ૧૯૮૬થી કુલપતિ તરીકે કુલીનચંદ્ર યાજ્ઞિકની નિમણૂક કરવામાં આવી. જાણીતા શિક્ષણવિદ્ અને મોડાસાની બી.એડ્. કોલેજના નિવૃત્ત આચાર્ય ડૉ. દાઉદભાઇ ઘાંચી ઉપકુલપતિપદે નિમાતા તેમણે ૧૭ નવેમ્બર, ૧૯૮૭ના રોજ કાર્યભાર સંભાળ્યો. સરકારે પ્રારંભમાં ૧૦ વ્યક્તિઓનું મહેકમ મંજૂર કર્યું.

માનનીય નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતની ધુરા સંભાળતા તેમણે રાજ્યની યુનિવર્સિટીઓ જે પ્રાયઃ પ્રદેશ આધારે નામકરણ ધરાવતી હતી તેની સાથે જે તે પ્રદેશના સારસ્વત અથવા બહુમૂલ્ય પ્રદાન કરનાર વિરોનું નામ તેની સાથે જોડવાનો નિર્ણય કર્યો. જે અન્વયે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સાથે ગુજરાતી ભાષા–સાહિત્યના પ્રહરી, છડીદાર એવા વીર નર્મદનું નામ જોડવામાં આવ્યું. કચ્છ યુનિવર્સિટી, ભૂજ સાથે સ્વાતંત્ર્ય સેનાની શ્યામજી કૃષ્ણવર્માનું નામ જોડવામાં આવ્યું. આજ પરિપેક્ષ્યમાં ‘‘ઉત્તર ગુજરાત યુનિવર્સિટી’’ સાથે ગુજરાતના રાજા અને પ્રજા ઉભયપક્ષના શ્રી અને સંસ્કાર ઘડતરના નિર્માતા આચાર્ય હેમચંદ્રાચાર્યનું નામ ૨૦૦૩માં જોડવામાં આવ્યું અને યુનિવર્સિટીએ ‘‘હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી’’ નામ ધારણ કર્યું.

તા. ૦૧-૦૫-૨૦૧૯
પાટણ.

**ડૉ. અનિલ જે. નાયક**
કા. કુલપતિ

# યુનિવર્સિટી ન્યુઝ

## મુલાકાત



કોલેજ ઓફ એજ્યુકેશન, વડસ્માના ટ્રસ્ટીશ્રી ભરતભાઇ રાવ, પ્રિ. કેતનભાઇ મહેતા, નર્સિંગ ફેકલ્ટીના અધ્યાપિકા એ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કા. કુલપતિશ્રી ડૉ. અનિલ નાયકની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

## પ્રવેશના નિયમો

આ યુનિર્વટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે યુનિવર્સિટીની તા. ૨૯–૦૪–૨૦૧૯ની એકેડેમિક કાઉન્સિલના ઠરાવ ક્રમાંક–૦૩ના પેટા મુદ્દા નં. ૪ થી ઠરાવ્યાનુસાર જૂન–૨૦૧૯થી સ્નાતક કક્ષાએ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે પ્રથમ અને દ્વિતીય સેમેસ્ટર પાસ કરેલ વિદ્યાર્થીઓને જ પાંચમા સેમેસ્ટરમાં પ્રવેશ આપવા આથી જણાવવામાં આવે છે. જેનો ચૂસ્તપણે અમલ થવા વિનંતી છે. આ બાબતની સંબંધત સર્વેને આપના સ્તરેથી જાણ કરવા વિનંતી છે.

# ગ્રંથદર્શન




**Title** : Library and Information Science Profession in the Knowledge Society (Festschrift of Professor C.R. Karisiddappa)
**Editor** : Dr. M.M. Koganuramath, Prof. B.D. Kumbar Shri B.S. Kademani
**Publisher** : Allied Publishers Pvt. Ltd., New Delhi, 2008.
**Page** : xviii, 398 ; **Price** : Rs. 1200-00
**ISBN** : 978-81-8424-257-6

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના ગૌરવ શિખર પ્રોફેસર કરસીદપ્પા એ ન કેવળ કર્ણાટકના ગ્રંથાલય ક્ષેત્રમાં અજવાળા કર્યા છે પરંતુ સમગ્ર રાષ્ટ્રમાં ગ્રંથાલય વિજ્ઞાનની ચળવળને જીવંત બનાવી રહ્યા છે. કર્ણાટક યુનિવર્સિટી, ધારવાડના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના અધ્યક્ષશ્રીની જ્ઞાનગંગાનો લાભ રાષ્ટ્રની યુનિવર્સિટીઓ સુધી પહોંચાડવા UGC દ્વારા તેમને UGC Emiritus Fellow તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. IATLIS ના vise-president તરીકે તેમની સેવાઓ ૧૯૯૭–૯૯ સુધી મળતી રહી છે. તેમના કાર્યકાળ દરમિયાન તેમનો ગ્રંથાલય વિજ્ઞાનના શિક્ષણમાં નોંધપાત્ર ફાળો રહ્યો છે. ILA ના President તરીકે પણ ૨૦૦૨–૦૪ દરમિયાન પ્રશસ્ય સેવાઓ આપી હતી. તેમના માર્ગદર્શન હેઠળ ૩૦ થી વધુ વિદ્યાર્થીઓએ

Ph.D. ની ડિગ્રી મેળવી છે. તેમના ૨૦૦થી વધુ સંશોધનપત્રો રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય સ્તરના સામયિકોમાં પ્રકાશિત થયા છે. ૩૫ વર્ષનો શૈક્ષણિક કાર્યનો અનુભવ રહ્યો છે. ગ્રંથાલય વિજ્ઞાનમાં તેમના આ બહુમૂલ્ય પ્રદાનને લઈને તેઓશ્રી ''ગ્રંથાલય રત્ન (૧૯૯૩)'' અને "A. G. Motiwala National Best Teacher Award (2000) અને વર્ષ ૨૦૦૫માં "Dr. P.S.G. Kumar-Life Time Achievement Award"થી સન્માનીત થઈ ચૂક્યા છે. આ ઉપરાંત He was responsible for the preparation of NAAC Reports for the Karnatak University and it received the acereditation by NAAC with FIve stars. He has completed a major Project from AICTE to build a total University Information Database.

પ્રોફેસર કરસીદપ્પાના આ બહુમૂલ્ય પ્રદાનને ધ્યાનનાં રાખીને તેમના ઋણ અદા કરવા તેમના વિદ્યાર્થીઓ, ગ્રંથાલયવિદો, શુભચિંતકો દ્વારા તેમની ષષ્ટીપૂર્તિ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું જેની ફલશ્રુતિરૂપ ગ્રંથાલય ક્ષેત્રને સદર ગ્રંથની ભેટ મળી છે.

સદર ગ્રંથ કુલ ૮ વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે. 1. Reminiscences 2. Professor C.R. Karisiddapa Through Academic and Research 3. Library and Information Science Education 4. Information Literacy 5. Knowledge Management and Information Communication Technology 6. Open Archive Inifiatives and Intellectual Property Rights 7. Scientometrics 8. Library Management in the knowledge Society.

જેમાં પ્રથમ વિભાગ Reminiscencesમાં ગ્રંથાલયવિદો દ્વારા પ્રોફેસર કરસીદપ્પા સાથેના સંસ્મરણોને વાગોળવામાં આવ્યા છે. લેખનો ઉઘાડ Convener, IFLA LIS Education in Developing Countries, Discussion Group ના Ismail Abdullahi ના લેખ "Professor C.R. Karsidappa, a champion of LIS Education : An International Perspective" થી કર્યો છે. Harish Chandra (chennai), H.S. Siddamalliah (Bangalore), Jagtar Singh (Patiala-Punjab), Ranjita Chandran (Bangalore), R.S.R. Varalakshmi (Visakhapatnam), Pitombar Padhi (Bhubaneshwar), C. Sasikala (Andhra), S.G. Mahajan (Pune), S.K. Patil (Pune), D. Rajyalakshmi (Nagpur) એ પોતાના સંસ્મરણોને વાચા આપી છે. અત્રે પ્રાયઃ દક્ષિણ ભારત, મહારાષ્ટ્રના લેખકોના લેખો છે. પંજાબનાં પણ એક લેખકશ્રીનો લેખ છે. પરંતુ ગુજરાતના એકપણ ગ્રંથાલય તજજ્ઞનો લેખ તેમના સંસ્મરણોના વિભાગમાં નથી. એકપણ ગુજરાતીનો લેખ ભલે ન હોય.

પરંતુ પ્રોફેસર કરસીદપ્પાનો ગુજરાત સાથે અને ખાસ કરીને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સાથે ઉષ્માપૂર્ણ નાતો રહ્યો છે. કુલપતિશ્રી પ્રોફેસર બી.એ. પ્રજાપતિ સાહેબ અને પ્રોફેસર કરસીદપ્પા અને ઘણાં બધા રાજ્યોની યુનિવર્સિટીઓ–કોલેજોમાં NAACના મૂલ્યાંકનની કામગીરી સાથે સંભાળી છે. સદર ગ્રંથ પ્રોફે. કરસીદપ્પા સરે જ પ્રોફે. બી.એ. પ્રજાપતિ સાહેબને સ્વહસ્તે ભેટ આપેલ છે. કુલપતિશ્રી પ્રોફેસર બી.એ. પ્રજાપતિ સાહેબના સૌહાર્દપૂર્ણ સંબંધોના કારણે જ યુનિવર્સિટી ગ્રંથાલય દ્વારા આયોજીત ''શ્રી ગુરુવંદના ગ્રંથ સંસ્કૃતિ વ્યાખ્યાનમાળા''માં ચાવીરૂપ વ્યાખ્યાન માટે પ્રોફેસર કરસીદપ્પાના વ્યાખ્યાન (૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૯)નો લાભ મેળવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. તેમનો વિષય રહ્યો હતો. "Transformation of Libraries from Gutenberg to Zuckerberg : An overview". આમ અત્યાર સુધી માત્ર તેમના વાઙ્મય વૈભવનો પરોક્ષ લાભ જ મળ્યો હતો પરંતુ સદર વ્યાખ્યાનથી તેમના પ્રત્યક્ષ સત્સંગથી લાભાન્વિત થવાયું છે. વ્યવસાયિક જ્ઞાનયોગના લાભની સાથે વ્યાખ્યાનમાળાના આયોજન સંબંધી તેમની સાથે સતત સંપર્કમાં આવવાનું બન્યું. જેના કારણે તેમના સંવેદનાપૂર્ણ માનવીય અભિગમના પણ દર્શન થયા. એક ગ્રંથાલયી તરીકે મને તેમના સાંનિધ્યથી ઘણું શીખવા મળ્યું છે. (અત્રે ઉલ્લેખનીય છે કે પ્રોફેસર બી.એ. પ્રજાપતિ સાહેબે સદર વ્યાખ્યાનનો લાભ માત્ર ઉપસ્થિત શ્રોતા પુરતો મર્યાદીત ન બની રહેતાં જ્ઞાનના પ્રચાર–પ્રસારની ઉમદા ભાવનાને લઈને તેની પુસ્તિકા તૈયાર કરાવી રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓ, રાજ્ય સરકારના સંબંધિત પદાધિકારીશ્રીઓ, દેશના–રાજ્યના પ્રમુખ ગ્રંથાલયો, યુનિવર્સિટી સંલગ્ન, કોલેજો, ગુજરાતના મૂર્ધન્ય સાહિત્યકારો, પાટણના પ્રતિષ્ઠિત નાગરિકો વગેરેને ભેટ સ્વરૂપે મોકલી આપવામાં આવેલ છે.)

આમ પ્રથમ વિભાગમાં ૧૫ લેખો તેમના સંસ્મરણોના છે. જેમાં વ્યવસાયિક પ્રતિબધ્ધતા, સંવેદનાપૂર્ણ અભિગમ, અભ્યાસુ વૃત્તિ, ગ્રંથાલય સેવાઓને સમાજલક્ષી બનાવવાની આવડત, ગ્રંથાલય ક્ષેત્રમાં રહેલી વિપુલ તકોને ઉજાગર કરવાની ક્ષમતા, વ્યાપક દૃષ્ટિકોણ જેવા દૈવી સંપદાના દર્શન થાય છે. ગ્રંથસમીક્ષા કરતા પ્રત્યેક લેખમાંથી કંઈક મેળવી રહી છું. સાથે સાથે મનોમંથન પણ અનુભવી રહી છું, કે ગ્રંથાલય વિરાસતના પાયા કેટલા ઊંડા નાખ્યા છે આ તજજ્ઞોએ. કેટલો પરિશ્રમ, કેટલું વાંચન, આ બધુ સમર્પણ ભાવના વિના કેમ શક્ય બને ? સાથે સાથે મારી જાતને સતત મૂલવતી પણ જાંઉ છું. ગ્રંથાલય વિજ્ઞાનના આ વિરાસત–વૈભવનું ઉત્તરદાયિત્વ સંભાળવાની સૌ ગ્રંથાલય વ્યવસાયિકોની ફરજ છે પણ તેમાં મારે પક્ષે પણ જવાબદારી તો ખરી જ. માત્ર ઉચ્ચપદ કે મોટા પગારધોરણની અપેક્ષાઓની સાથે જ ગ્રંથાલય વિજ્ઞાન ક્ષેત્રના ગૌરવને જાળવી રાખવાની, તેને ઉન્નત શિખરો સર કરાવવા પ્રોફેસર કરસીદપ્પા સાહેબ જેવાં ગ્રંથાલય ગુરુઓ આપણા પથપ્રદર્શક બની રહે છે. આપણી નિરાશા–હતાશાને ખંખેરી નાંખી, નવા જોમ જુસ્સા સાથે કાર્ય કરવાની, પડકારોનો સામનો કરવા હિંમત આપે છે.

વિભાગ–૨માં માત્ર બે જ લેખો છે. 1. Informetric Portrait of Dr. C.R. Karisidappa : A professor Par Excelene, 2. Scientometric Portrait of Prof. C.R. Karisidappa. આ બંને લેખોમાં પ્રોફેસર કરસીદપ્પાના Ph.D. Students અને તેમના સંશોધનના વિષયો, વિવિધ કોન્ફરન્સ–સેમીનારમાં તેમના વકતવ્યો, તેમના લેખો, ગ્રંથો, રીસર્ચ પ્રોજેક્ટ વગેરેના વિષય, વર્ષ, પ્રકાશક, વિવિધ સંસ્થામાં તેમનું યોગદાન વગેરે કાર્યોને સંશોધનલક્ષી અભિગમ સાથે વર્ણવવામાં આવેલ છે. વિવિધ સારણીઓ, ગ્રાફ સ્વરૂપમાં રજુઆત હોવાથી ખૂબ જ સરળતાથી સમજી શકાય છે. સાહેબના સૌથી પ્રથમ પ્રકાશનનો પ્રારંભ તેમની ૨૬ વર્ષની વયે ૧૯૭૩માં થયો છે પછી તો ક્રમશઃ તેમાં વધારો જ થતો રહ્યો છે. સૌથી વધુ પ્રકાશન વર્ષ ૨૦૦૪(૩૩)માં છે. પ્રલેખોના પ્રકાર પ્રમાણે જોઈએ તો Books / monograph-8, Research Papers-191, Thesis-1 આમ કુલ 200 થાય છે. આમ, અનેકવિધ, દૃષ્ટિકોણથી તેમના વાઙ્મય વૈભવને મૂલવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

વિભાગ–૩ માં કુલ ૧૦ લેખો છે. જેમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના પ્રશ્નો, પડકારો, તેના ઉકેલો, ગ્રંથાલય વિજ્ઞાનમાં સંશોધનની મહત્તા, Nort-East India અને ખાસ કરીને મણિપુર રાજ્યની યુનિવર્સિટીઓમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન શિક્ષણની

વાસ્તવિક્તાનો પરિચય કરાવ્યો છે. આજે ગુજરાતમાં મોટાભાગની યુનિવર્સિટીઓમાં સેલ્ફ ફાયનાન્સ ધોરણે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ કાર્યરત હોવાના કારણે વિદ્યાર્થીઓને ભરવી પડતી મોંઘી ફી, સામે પક્ષે સરકારી નોકરીઓમાં ભરતી મામલે સરકારની ઉદાસીનતા, સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં નામમાત્રના પગાર ઉપરાંત Job Sicurity નો અભાવ, ગ્રંથપાલ પક્ષે સેવવામાં આવતું ઓરમાયું વર્તન પણ કેટલેક અંશે જવાબદાર, સમાજમાં ગ્રંથાલયાભિમુખ વલણનો સદંતર અભાવ આવા બધા અનેક કારણોસર આજે મોટાભાગની યુનિવર્સિટીઓમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં B.L.I.Sc. / M.L.I.Sc. માં સીટો ખાલી જોવા મળે છે. ક્યાંક તો ડિપાર્ટમેન્ટ બંધ કરવાની નજીક પહોંચી ગયા છે. આ બધા પ્રશ્નોના સમાધાન માટે આપણને આ વિભાગમાંથી માર્ગદર્શન મળી રહે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સમાજમાં ગ્રંથાલયાભિમુખ વલણમાં પશ્ચિમબંગાળની પ્રજા મોખરે છે. બંગાળીઓના પુસ્તક પ્રેમને કારણે જ રાજધાની કલકત્તાથી દિલ્હી ખસેડાઇ (૧૯૧૨ સુધી રાજધાની કલકત્તા હતી) ત્યારે વિવિધ કાર્યાલયો પણ દિલ્હી ખસેડાયા. પરંતુ જ્યારે રાષ્ટ્રીય ગ્રંથાલય દિલ્હી ખસેડવાની વાત આવી ત્યારે પ્રજાએ આંદોલનો કર્યા ને સરકાર ઝૂકી. તેથી જ આજે રાષ્ટ્રીય ગ્રંથાલય કલકત્તા સ્થિત છે. પ્રજાની ગ્રંથાલય–ગ્રંથ પ્રેમની નાડ પારખીને જ ડાબેરીપક્ષોએ ૧૯૭૭માં તેમના ચૂંટણી ઢંઢેરામાં સાર્વજનિક ગ્રંથાલય ધારો પસાર કરવાની વાત કરી હતી. સરકાર જીતી અને સરકારે વચન આપ્યું પણ ખરું. કદાચ બંગાળી પ્રજાની આ વાંચનભૂખના કારણે જ આ ભૂમિ ચાર નોબેલ પારિતોષિકોની ભેટ આપવાનું ગૌરવ લઇ રહી છે.

વિભાગ–૪માં School Libranianship અને Imformation Literacyને ઉજાગર કરવામાં આવ્યા છે. વિભાગ–૫માં Information Communication Technology સ્પર્શતા RFID Technology, Web Page quality, Role of Information System, Digital Preservation, Changing Dimensions વગેરે બાબતો વિષયક તલસ્પર્શી અભ્યાસ રજુ કરવામાં આવ્યો છે. વિભાગ–૬માં Open Access, Institutional Repository, Wiki Technology, Open source વિષયક ૪ લેખો સંબંધી બૌધ્ધિક સંપદાના હકો (Intellectual Property Right) તેના ભંગથી ઉદ્‌ભવતા પ્રશ્નો વગેરે સંબંધી માહિતી પ્રસ્તુત કરવામાં આવી છે. વિભાગ–૭માં ૩ લેખો અને વિભાગ–૮માં Personal Collections, Management Strategies, Capacity Building, Best Practices at Resource Centre (Library), Art and Heritage Library વગેરે અનેક બાબતોની ચર્ચા સંબંધી કુલ ૧૩ લેખો છે. Personal Collections વિષયક વિવિધ બાબતોને આવરી લેવામાં આવી છે. આ સંબંધી સરકાર, સમાજ અને ગ્રંથાલયવિદોએ વિચારણા કરવાની જરૂર છે. સંશોધનના વિષયોમાં પણ આ બાબતોને અગ્રતા આપીએ તો આપણને વણખેડાયેલા ઘણાં બધા ગ્રંથાલયો–સાહિત્યની ભાળ મળી શકે તેમ છે.

ભારત પ્રાચીનકાળથી સંસ્કૃતિ અને સાહિત્ય સમૃદ્ધિ ધરાવતો દેશ રહ્યો છે. નાલંદા, વલભી, તક્ષશીલા વગેરે વિશ્વવિખ્યાત વિદ્યાપીઠો રહી છે. તેના ગ્રંથાલયોથી આર્કષાઇ અનેક વિદેશી પ્રવાસીઓ, અભ્યાસુઓ તેની મુલાકાત લેતા હતાં. વિદ્વવાનોના નીજી ગ્રંથાલયો (Personal Libraries) પણ હતા. હસ્તપ્રતોની બાબતમાં ભારત આજે પણ સમૃધ્ધ છે. ઘણી ખરી હસ્તપ્રતો Personal Libraryમાં સંગ્રહિત છે. જો કોઇ ચોક્કસ એરીયામાં રહેતા વિદ્વાનો–અભ્યાસુઓને લઇને સંશોધનો હાથ ધરવામાં આવે તો ઘણાં અપ્રાપ્ય પુસ્તકો ઉપલબ્ધ થવાની સંભાવનાને નકારી શકાય નહીં.

ઉદાહરણ તરીકે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયને ભોગીલાલ સાંડેસરા સાહેબનો અમૂલ્ય ગ્રંથભંડાર ભેટમાં મળ્યો છે. જેમાં પ્રાયઃ ૫૦૦૦ જેટલા ગ્રંથો છે. જેમાંના ઘણાખરાં આજે અપ્રાપ્ય છે. જે આજે ‘‘સાંડેસરા કલેકશન’’ના નામે યુનિવર્સિટી ગ્રંથાલયની શોભામાં અભિવૃધ્ધિ કરી રહ્યો છે. મેનેજમેન્ટ વિભાગના વિભાગીય ગ્રંથાલયમાં પ્રોફેસર બી.એ. પ્રજાપતિ સાહેબે ઘણાં અમૂલ્ય ગ્રંથો ભેટમાં આપ્યા છે. જે ‘‘પ્રોફેસર બી.એ. પ્રજાપતિ કોર્નર’’ તરીકે સુવિખ્યાત છે. અત્રે સાનંદ નોંધ લેવાનું મન થાય છે કે હમણાં થોડા દિવસો પૂર્વે જ કુલપતિશ્રી બી.એ. પ્રજાપતિ સાહેબની મુલાકાતે તેમના નિવાસસ્થાને જવાનું બન્યું. તેમની Personal Libraryના પણ દર્શન કર્યા. ૫૦૦૦થી પણ વધુ મૂલ્યવાન ગ્રંથો ઉપલબ્ધ છે. જેમાંના ઘણાખરાં આજે અપ્રાપ્ય બની ગયેલા ગ્રંથોનો પણ સમાવેશ છે. આવા અપ્રાપ્ય અને મોંઘા ગ્રંથોની એકથી વધુ પ્રતો તેમની લાઇબ્રેરીમાં જોવા મળી જે સાહેબની દિર્ઘદષ્ટિ અને વિદ્યાપ્રેમના ધોતક છે.

આમ સમગ્ર દષ્ટિએ લેખોની વિષય વૈવિધ્યતા આપણને બહુઆયામી ઉપયોગી નીવડે છે. ગ્રંથ અંગ્રેજીમાં હોવા છતાં તેની ભાષા ખૂબ જ સરળ છે આથી આપણા ગુજરાતીઓની ઓછી અંગ્રેજી આવડે છે ની માનસિક્તા હોવા છતાંય સરળતાથી સમજી શકાય છે. લેખોનું વર્ગીકરણ, કાગળની ગુણવત્તા, આર્કષક મુખપૃષ્ઠ વગેરે તમામ સ્તરેથી ગ્રંથ પરિપૂર્ણ છે. જેના વાંચનથી આપણને કંઇક પામ્યાની પરિતૃપ્તિ થાય છે. મને પૂર્ણ શ્રધ્ધા છે કે પ્રોફેસર કરસીદપ્પા સાહેબને નિમિત્ત બનાવીને સંપાદકોએ ગ્રંથાલયક્ષેત્રની જે સેવા કરી છે તે જરૂર રંગ લાવશે. સંપાદકોને આવા ઉત્તમગ્રંથની ભેટ આપવા બદલ હાર્દિક અભિનંદન.

**ડૉ. કનકબાળા જાની**
**કા. યુનિવર્સિટી લાઇબ્રેરિયન**

## સબરસ

સહેલી (૧) : આજે મારી પાસે બંગલો છે, કાર છે એક કીલો સોનુ છે. તારી પાસે શું છે?

સહેલી (૨) : મારી પાસે લગ્ન પહેલાના ડ્રેસ છે, જે હજી મને માપે થાય છે.

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan
P.B.21, University Road, Patan-384265, Tel: +91-2766-222744, 220932, Fax: +91 - 2766-231917
E-mail : udichyahngu@gmail.com • Visit us at : www.ngu.ac.in

**Editor :** Dr. Kanakbala Jani (I/c University Librarian), Dr. Chanduji Thakor
**Published by :** Dr. D.M.Patel, I/c Registrar
Design by : Bhaskar Goswami
Printed by : **Vinod Printery,** Nr. Three Gate, **Patan.** • Mo. 9898576011

R.N.I. No. 48820/90, Valid up to 31-12-2020, Posting Reg. No. G/PTN/42, Office of Posting : PATAN H.P.O.